**Date: 8th February,2025**

To,
The Manager,
BSE Limited
Phiroz Jeejeeboy Towers,
Dalal Street,
Mumbai-400 001

**SCRIPT CODE: 540728**
**Dear Sir/Madam,**

**Subject: News-paper advertisement for Un-audited Financial Results for Quarter and Nine Months ended 31st December,2024.**

**Reference: Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements Regulations, 2015**

With reference to captioned subject and pursuant to Regulation 47 & 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements Regulations, 2015), **Sayaji Industries Limited** is submitted herewith enclosed copy of newspaper cutting regarding the information published for members and public at large of Unaudited Financial results for Quarter and Nine months ended 31st December, 2024 in Business Standard English edition Ahmedabad, and in Jai Hind Gujarati edition Ahmedabad on Saturday, 08th February, 2025.

The advertisement also includes a Quick Response code and the link to access complete financial results for the said period.

The above information will also be available on the website of the company i.e. www.sayajigroup.in

This is for your information and records.

Thanking You,

**For Sayaji Industries Limited**

Thaker Vishnu Harjivanbhai

Digitally signed by Thaker Vishnu Harjivanbhai

**Vishnu Thaker**
**(Company Secretary & Compliance Officer)**
**(ACS-60441)**

**Sayaji Industries Limited**
Maize Products, Chinubhai Nagar, P.O. Kathwada,
Ahmedabad – 382430, Gujarat, India
**T:** +91-79-22900881-85, 22901581-85
**CIN No:** L99999GJ1941PLC000471 **E:** maize@sayajigroup.in, W: www.sayajigroup.in

# પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ અને સંજયસિંહની ACB કરશે પુછપરછ

નવી દિલ્હી, તા. ૭

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પહેલા આમ આદમી પાર્ટીના નેતાઓ અરવિંદ કેજરીવાલ, સંજય સિંહ અને મુકેશ અહલાવતની મુશ્કેલીઓ વધી ગઈ છે. ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB)ની ટીમ તપાસ માટે અરવિંદ કેજરીવાલ, પાર્ટીના સાંસદો સંજય સિંહ અને મુકેશ અહલાવતના ઘરે પહોંચી રહી છે. મળતી માહિતી મુજબ, એસીબીની ટીમ મુકેશ અહલાવત, અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહના ઘરે તપાસ કરવા રવાના થઈ ગઈ હતી.

એસીબીના જણાવ્યા અનુસાર એલજી વીકે સક્સેનાએ તેમને તપાસના આદેશ આપ્યા છે. અમારી ટીમ નીકળી રહી છે. આરોપોમાં કેટલી સત્યતા છે તે અંગે ત્રણેય લોકો પાસેથી માહિતી મેળવવી હતી. શું આ આરોપ અંગે કોઈ પુરાવા છે કે પછી તે માત્ર ભ્રમ ફેલાવવાનો પ્રયાસ છે? માનવામાં આવી રહ્યું છે કે એસીબીની ટીમ કેજરીવાલ અને સંજય સિંહની પણ પૂછપરછ કરી શકે છે.

આમ આદમી પાર્ટી (AAP) નેતાઓ અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ દ્વારા ભારતીય જનતા પાર્ટી પર લગાવવામાં આવેલા

## ૧૫ કરોડની ઓફરના આક્ષેપ અંગે કરશે પુછપરછ

ધારાસભ્યોના હોર્સ ટ્રેડિંગના આરોપોની તપાસ કરશે. બીજેપી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ બાદ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (LG) એ AAP નેતાઓના દાવાઓની તપાસના આદેશ આપ્યા છે.

મળતી માહિતી મુજબ, દિલ્હી એલજીના પ્રિન્સિપલ સેક્રેટરીએ આમ આદમી પાર્ટીના ઉમેદવારોને લાંચ આપવાના આરોપો પર એસીબી તપાસ કરાવવા માટે મુખ્ય સચિવને પત્ર લખ્યો છે. દિલ્હી એલજીને બીજેપીની ફરિયાદ બાદ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ભાજપે ફરિયાદમાં કહ્યું છે કે આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલા આરોપો ખોટા અને પાયાવિહોણા છે અને તે ભાજપની છબીને કલંકિત કરવાના ઈરાદાથી કરવામાં આવ્યા છે અને મતદાન પૂર્ણ થયા બાદ તરત જ દિલ્હીમાં ગભરાટ અને અશાંતિની સ્થિતિ સર્જાઈ છે.

આ દરમિયાન AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે ભાજપના લોકો ડ્રામા કરવા માંગે છે. અમે ફરિયાદ નોંધાવવા માંગીએ છીએ. અમે કાર્યવાહી ઈચ્છીએ છીએ. એસીબીએ કાર્યવાહી કરવી જોઈએ. હું ફરિયાદ કરવા એસીબી ઓફિસમાં જાઉં છું.



કેન્દ્ર સરકારના બજેટ ૨૦૨૫-૨૬માં બિહાર માટે જાહેર કરાયેલી ઘણી યોજનાઓ- બદલ બિહારના એનડીએના સાંસદો વડાપ્રધાન નરેન્દ્ર મોદી આભાર માનવા લીધેલી મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી કેન્દ્રીયમંત્રીઓ ચિરાગ પાસવાન, ગિરીરાજસિંહ, રાજીવ રંજનસિંહ તેમજ બિહાર એનડીએના અન્ય સાંસદો સાથે ગૃપ પોઝ આપી રહ્યા છે.

# વ્યાજદર ઘટાડો ડીસ્કાઉન્ટ! સેન્સેક્સમાં ૫૦૦ પોઈન્ટનું ગાબડુ

રાજકોટ, તા.૭

રિઝર્વ બેંકના વ્યાજદરમાં ઘટાડાના નિર્ણયને શેરબજારે ડિસ્કાઉન્ટ કરી દીધો હોય તેમ સેન્સેક્સમાં ૫૦૦ પોઈન્ટથી અધિકનું ગાબડુ પડ્યું હતું. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ઉંચકાયો હતો.

શેરબજારની નજર આજે રિઝર્વ બેન્કની ધિરાણ નીતિ પર હતી. આરબીઆઈએ રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. આ ઘટાડો 'અપેક્ષિત' ગણી લેવામાં આવ્યો હોય તેમ તેજી તરફી પડઘો પડ્યો નહતો. વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી, અમેરિકા સહિતના વૈશ્વિક ઘટનાક્રમો સહિતના પ્રત્યાઘાતોથી માર્કેટ મંદીમાં આવી ગયું હતું. ઈન્ટ્રા-ડે બેતરફી વધઘટ જોવા મળી હતી પરંતુ અંતિમ તબક્કામાં વેચવાલીના દબાણ સામે ઝીંક ઝીલી શક્યું નહતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટમાં એકથી વધુ પોઝીટીવ કરણો આવ્યા

## ઈન્ટ્રા-ડે અફડાતફડી: ઓટો મોબાઈલ્સ શેરો ઝળક્યા: ડોલર સામે રૂપિયો ૨૦ પૈસા ઉંચકાયો

છે. હવે આવતીકાલે જાહેર થનારા દિલ્હી વિધાનસભાના ચૂંટણી પરિણામો તથા નવા આવકવેરા ખરડા પર નજર રહેશે.

શેરબજારમાં આજે અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતીય એરટેલ, ઈન્ડુસઈન્ડ બેંક, એનટીપીસી, ટાટા સ્ટીલ, ટાઈટન, ટ્રેન્ડ, જેએસડબલ્યૂ સ્ટીલ સહિતના શેરો ઉછળ્યા હતા. અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, નેસ્લે, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેક્સ ૫૩૦ પોઈન્ટના ઘટાડાથી ૭૭૫૨૮ હતો તે ઉંચામાં ૭૮૩૫૬ તથા નીચામાં ૭૭૪૭૫ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૩૮ પોઈન્ટના ઘટાડાથી ૨૩૪૬૫ હતો તે ઉંચામાં ૨૩૬૯૪ તથા નીચામાં ૨૩૪૪૩ થયો હતો.

કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૧૯ પૈસાના ઉછાળાથી ૮૭.૩૯ હતો.

# દિલ્હીમાં ફરી શાળાઓમાં બોમ્બની ધમકીના મેઈલ

નવી દિલ્હી, તા. ૭

દિલ્હી અને નોઈડાની શાળાઓમાં ફરી એકવાર બોમ્બની ધમકીના મેસેજ મળ્યા છે. મળતી માહિતી મુજબ દિલ્હીની ઘણી શાળાઓમાં બોમ્બ હોવાના કોલ આવ્યા છે. પૂર્વ દિલ્હીની શાળાઓમાં બોમ્બ મૂકવાનો સંદેશ મળ્યો છે. આ પછી, સલામતીના પગલાં અને ઈમરજન્સી પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા છે. બોમ્બની આશંકા બાદ, શાળા પ્રશાસન

## મામલામાં પોલીસે શરૂ કરી તપાસ

અને સુરક્ષા એજન્સીઓએ વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તકેદારી વધારી દીધી છે. સાથે જ શાળાઓ દ્વારા બાળકોના પરિવારજનોને સંદેશો મોકલવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે આજે સવારે મળેલા ધમકીભર્યા ઈમેલને કારણે અમારે અમારા વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શાળા બંધ કરવાની ફરજ પડી છે. કૃપા કરીને ધીરજ રાખો અને આ બાબતે સહકાર આપો. વધુ સૂચનાઓ અને મંજૂરી માટે સક્ષમ અધિકારીઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

અગાઉ, બુધવારે સવારે ૬.૪૫ વાગ્યાની આસપાસ નોઈડાની ચાર ખાનગી શાળાઓ – સ્ટેપ બાય સ્ટેપ, ધ હેરિટેજ, જ્ઞાનશ્રી અને મયુર સ્કૂલ – ને બોમ્બની ધમકીના ઈમેલ મળ્યા હતા. બોમ્બ ડિટેક્શન ટીમો અને ડોગ સ્કવોડ દ્વારા શાળાના પરિસરની વ્યાપક શોધખોળ બાદ બોમ્બ રિપોર્ટને છેતરપિંડી જાહેર કરવામાં આવ્યો હતો.

# કેટલીક બાબતોમાં ન્યાયપાલિકાએ ન ઘુસવું જોઈએ: કારગીલ વોર મામલે અરજી પર સુનાવણીનો સુપ્રીમકોર્ટનો ઈન્કાર

નવી દિલ્હી તા.૯૭

સુપ્રીમ કોર્ટ આજે કારગીલ સાથે જોડાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. અરજી સેનાના એક પુર્વ અધિકારીએ કરી હતી, જેમાં આરોપ લગાવાયો હતો કે કારગીલ યુદ્ધ દરમિયાન સેના

## કારગીલમાં ઘુસણખોરી અંગે ઉપરી અધિકારીને અગાઉથી ઈનપુટ આપ્યા હતા, પણ તેને ધ્યાને નહોતા લેવાયાનો અરજદારનો આરોપ

દ્વારા લાપરવાહી કરવામાં આવી હતી. જો કે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કેટલીક વસ્તુઓ એવી હોય છે, જેમાં ન્યાયપાલિકાએ ન ઘુસવું જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ કાર્યપાલિકા સાથે જોડાયેલો મામલો છે, તેમાં સુનાવણી ન થઈ શકે.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ સંજયકુમારની પીઠે જણાવ્યું હતું કે ન્યાયપાલિકા સામાન્ય રીતે રાષ્ટ્રીય સુરક્ષાના મામલે સુનાવણી નથી કરતી. સુપ્રીમનું વલણ જોઈ પુર્વ સૈન્ય અરજદાર મનીષ ભટનાગરે પોતાની જાહેર હિતની અરજી પાછી ખેંચી લીધી હતી. ઉલ્લેખનીય છે કે અરજદારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે તેણે વર્ષ ૧૯૯૯માં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં જ તેના સિનિયરોને કારગીલ ઘુસણખોરીની માહિતી આપી હતી પણ તેના ઈનપુટને નજર અંદાજ કરાયા હતા. જયારે મોટા પ્રમાણમાં જંગ છેડાયો તો તેનું કોઈને કોઈ બહાને કોર્ટ માર્શલ કરાયુ હતુ અને સેના છોડવા મજબૂર કરાયો હતો.


## નામ બદલેલ છે

મારૂ જૂનું નામ રમેશભાઈ બહેચરભાઈ પટેલ હતું તે બદલીને નવું નામ રમેશભાઈ બેચરભાઈ પટેલ રાખેલ છે.
બંગ્લો-૫, સહર્ષવિલા, કોબા, ગાંધીનગર-૩૮૨૪૨૬

## નામ બદલેલ છે

મારૂ જૂનું નામ મહેશકુમાર અરૂણપ્રસાદ નાયકથી બદલીને નવું નામ મહેશકુમાર અરૂણભાઈ નાયક કરેલ છે. ૬૯-૭૦, પારસ સોસાયટી, ઓઢવ, અમદાવાદ


## શિક્ષણના બ્હાને કેનેડા મોકલી અમેરિકામાં ઘુસાડવાની મોડસ ઓપરેન્ડી

# ભારતીયોને ગેરકાયદે વિદેશ મોકલતા ગુજરાત સહિતના એજન્ટો હવે EDના રડારમાં

નવી દિલ્હી : ગુરુવારે યુ.એસ.માંથી દેશનિકાલ કરવામાં આવતાં ભારતીયોનાં મુદ્દે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જણાવ્યું હતું કે તે ઓછામાં ઓછા ૪૨૦૦ ભારતીયોની તપાસ કરી રહી છે, જેમને છેલ્લાં ત્રણ વર્ષમાં ગેરકાયદેસર રીતે યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થળાંતરિત કર્યુ છે. આ તપાસ ગુજરાત અને પંજાબ સ્થિત એજન્ટો સામે ચાલી રહેલી તપાસનાં ભાગ રૂપે છે જેઓ નિયમિતપણે લોકોને વિવિધ માર્ગો દ્વારા ગેરકાયદેસર રીતે અમેરિકા અને કેનેડા મોકલે છે

ઈડીને તપાસમાં જાણવા મળ્યું છે કે ઘણાં એજન્ટોએ યુ.એસ. માં ભારતીયોનાં ગેરકાયદેસર ઈમિગ્રેશન માટે શિક્ષણનો માર્ગ લીધો છે. આ હેઠળ, યુ.એસ. જવા માંગતા ભારતીયોને કેનેડિયન કોલેજોમાં પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશના આધારે, તેઓ દેશમાં કેનેડિયન વિઝા અને જમીન મેળવે છે. પરંતુ આ ''વિદ્યાર્થીઓ'' ક્યારેય કોલેજમાં જોડાતાં નથી અને કેનેડામાં એસોસિએટેડ એજન્ટો દ્વારા જમીનનાં માર્ગો દ્વારા યુ.એસ. લઈ જવામાં આવે છે.

ઈડીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે કેનેડા સ્થિત કોલેજોમાં ફીની ચુકવણી એ ઇબિક્સક કેશ દ્વારા કરવામાં આવી

## ગુજરાતથી જ ગયેલા ૮૫૦૦માંથી ૪૨૦૦ના વ્યવહાર શંકાસ્પદ: તપાસ શરૂ

હતી, જે વિદેશી રેમિટન્સ સેવાઓ પ્રદાન કરે છે. ઇબિક્સક કેશ સાથે પૂછપરછ કર્યા પછી, તે જાણવા મળ્યું કે ગુજરાતનાં એજન્ટોએ વિદ્યાર્થીઓ વતી ૦૭/૦૯/૨૦૨૧ થી ૦૯/૦૮/૨૦૨૪ સુધી કેનેડા સ્થિત વિવિધ કોલેજોમાં ૮૫૦૦ જેટલાં વ્યવહારો કરવામાં આવ્યાં હતાં. ૪૩૦૦ ડુપ્લિકેટ વ્યક્તિઓ અથવા વપરાશકર્તાઓ છે જે દર્શાવે છે કે તે જ વ્યક્તિ સામે ટ્રાંઝેક્શન બે વાર રેકોર્ડ કરવામાં આવ્યું હતું. એક ઈડી અધિકારે જણાવ્યું કે આમ, આવા ૪૨૦૦ વ્યવહારોની તપાસ ચાલી રહી છે. એવી શંકા છે કે આ વ્યવહારો કેનેડાથી વ્યક્તિને યુ.એસ. મોકલવાના હેતુથી કરવામાં આવ્યાં હતાં.

ઇડી અહેવાલમાં જણાવાયું છે કે એજન્ટો ૪૦-૫૦ લાખ રૂપિયામાં કેનેડિયન કોલેજમાં એડમિશન કરાવી આપે છે અને બાદમાં એજન્ટો સંભવિત વ્યક્તિને ગેરકાયદે યુ.એસ.મોકલી આપે છે. એજન્ટો ઇમિગ્રન્ટ્સ માટે કેનેડિયન કોલેજોમાં પ્રવેશની વ્યવસ્થા કરે છે અને ફી ચૂકવવામાં આવે છે. એકવાર સંભવિત ઇમિગ્રન્ટ કેનેડા પહોંચ્યાં પછી, પ્રવેશ એક બહાના પર અથવા બીજા પર પાછો ખેંચી લેવામાં આવે છે.


# ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, ભોયતળીયે, જુના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર.

વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

**વિષય : "અલફલાહ મસ્જીદ વહીવટ કમિટી"**

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **પઠાણ હસમતખાન સફાવતખાન** મુ.પો. રખિયાલ જી. અમદાવાદનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત / જંગમ મિલકત વકફ અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કરેલ છે જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./ઠે. | તાલુકો અને જિલ્લો | મિલકતનો પ્રકાર | જંગમ મિલકત |
|---|---|---|---|
| મુ.પો. રખિયાલ | તા. અમદાવાદ જિ. અમદાવાદ | જંગમ મિલકત | રૂા. ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) વકફ ખત દ્વારા રજુ કરેલ છે. |

ઉકત જણાવેલ જંગમ મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખીતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહી મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સહી/- (એમ. એ. શેખ) કચેરી અધીક્ષક
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.


# સામાજિક ભાવનાના ઉદ્દેશ સાથે લગ્ન: ગૌતમ અદાણી

૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ જીત અદાણી, દિવા શાહ સાથે લગ્નગ્રંથિથી જોડાઈ રહ્યા છે અને આ સમાચાર સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યા છે, અને મોટાભાગના લોકો તેને ખૂબ જ ભવ્ય, અનેક સેલિબ્રિટીઓની હાજરીસાથેનો લગ્ન સમારોહ ગણાવી રહ્યા છે. જો કે, એક સ્વાગતપૂર્ણ નિર્ણયમાં, ગૌતમ અદાણીએ કહ્યું છે કે આ એક



પરંપરાગત લગ્ન અને ગાઢ સંબંધ છે, જેમાં માત્ર પરિવારના લોકો અને નજીકના મિત્રો જ હાજરી આપશે. આ લગ્ન ખરેખર વિશેષ અને અનન્ય બની રહ્યા છે તેનું કારણ એક ઉચ્ચ ઉદ્દેશ્ય છે: તે સમાવેશકતા અને સમુદાયને કઈક પાછું આપવા માટેની પ્રતિબદ્ધતા છે.

વિકલાંગ વ્યક્તિઓ માટે એક ઉત્સાહી કાર્યકર તરીકે કામ કરતાં જીત અદાણી, તેમના આ લગ્ન સમારોહમાં સાથે સાથે તેમની સામાજિક જવાબદારી પણ નિભાવી રહ્યા છે. તેમના માટે, આ લગ્ન માત્ર તેમના પ્રેમ વિશે જ નથી પરંતુ ઘણીવાર જેઓની અવગણવામાં આવે છે તેવા PwDs ની સંભાવના વિશે પણ છે. તેમનો આ અભિગમ લગ્નને અર્થપૂર્ણ બનાવવા માટે એક નવું ઉદાહરણ સ્થાપિત કરી રહ્યો છે અને આ લગ્નની ઉજવણી વ્યક્તિગતથી વિશેષ સામાજિક સ્તરે પણ છે.

પરોપકારી કાર્યો કરવા એ હંમેશા અદાણી પરિવારની હૃદયપૂર્વકની ઈચ્છા રહી છે. આ પ્રતિબદ્ધતા અદાણી ફાઉન્ડેશનના ગ્રીનએક્સ ટોક્સ દ્વારા પણ દર્શાવવામાં આવી છે, જે નફા કરતાં અસરકારકતાને પ્રાથમિકતા આપે છે અને પરિવર્તનકારોને વધુ સશક્ત બનાવે છે.

# કેરળ પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે શરૂ કરશે ઓલ ઈન્ડિયા કેમ્પેઈન

'ઉનાળાની રજાઓની મોસમ ઝડપથી નજીક આવી રહી છે, તેથી અમે શાળાની રજાઓ અને ફેમિલી ઓડિયન્સને લક્ષ્ય બનાવીને સ્થાનિક મુલાકાતીઓ સમક્ષ નવા ઉત્પાદનો રજૂ કરીશું' પ્રવાસન મંત્રી પીએ મોહમ્મદ રિયાએ જણાવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, આ વખતે, કેમ્પેઈન ખાસ કરીને ઉત્તર કેરળ ખાસ કરીને બેકલ, વયનાડ અને કોઝિકોડ પર ધ્યાન કેન્દ્રિત કરશે, ઉપરાંત ઓછા જાણીતા સ્થળો અને મોટા પાયે સુધારેલા માળખાગત સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રિયાએ જણાવ્યું હતું કે, કેરળને તેના અસંખ્ય રંગોમાં પ્રદર્શિત કરવાનું કેમ્પેઈન એ રાજ્ય દ્વારા ઓફર કરવામાં આવતા સ્થળો અને વિશિષ્ટ પ્રવાસન ઉત્પાદનોની દૃશ્યતા વધારવાની નવીન પ્રમોશન વ્યૂહરચનાનો એક ભાગ છે, જે મુખ્ય સ્રોત શહેરોના સંભવિત મુલાકાતીઓ સાથે સીધા જોડાણ બનાવે છે.

## હેલી ટુરિઝમ અને સી-પ્લેન પ્રવાસીઓને આકર્ષિત કરશે

કેરળ સરકારના પર્યટન સચિવ બીજુ કે.એ જણાવ્યું કે, પ્રવાસીઓને આકર્ષિત કરતી નવી પ્રોડકટસમાં હેલી-ટૂરિઝમ અને સી પ્લેન પહેલનો સમાવેશ થાય છે. જે રાજયના સ્થળોને નજીકથી જોડાયેલા અને સરળતાથી સુલભ બનાવશે. બીજુએ ઉમેર્યું હતું કે, નવા પ્રોજેક્ટ્સના સાથે સાથે રાજ્યની મુખ્ય સંપત્તિઓ જેવી કે દરિયાકિનારા, હિલ સ્ટેશનો, હાઉસબોટ્સ અને બેકવોટર સેગમેન્ટ મુલાકાતીઓના અનુભવની સંપૂર્ણતામાં વધારો કરશે.

પોતાની પ્રાકૃતિક સુંદરતા, વાઈબ્રન્ટ કલ્ચર સમૃધ્ધ વારસા માટે પ્રખ્યાત કેરળ તેના મુલાકાતીઓને તેના સાંસ્કૃતિક ઉલ્લાસ અને સાહિત્યિક કાર્યક્રમોનો આનંદ પણ આપશે. રાજધાની શહેરમાં ૧૫થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન કનક્કકુન્નુ પેલેસ ખાતે નિશાગાંધી નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવશે.

એમ કેરળ સરકારના પર્યટન વિભાગના ડિરેક્ટર શીખા સુરેન્દ્રને જણાવ્યું હતું.


**SAYAJI** — **SAYAJI INDUSTRIES LIMITED**
CIN: L99999GJ1941PLC000471
Regd. Off: Chinubhai Nagar, P.O. Kathwada – Maize Products, Ahmedabad – 382430 Gujarat
Tel No: +91 79 22900881 | Email Id: cs@sayajigroup.in | Website: www.sayajigroup.in

**Extract of Standalone and Consolidated Un-Audited Financial Results for the quarter and Nine months Ended December 31 2024**

( Amount In Lakhs Except EPS)

| Sr. No. | Particulars | Standalone Quarter Ended 31-12-2024 | Standalone Nine months Ended 31-12-2024 | Standalone Quarter Ended 31-12-2023 | Consolidated Quarter Ended 31-12-2024 | Consolidated Nine months Ended 31-12-2024 | Consolidated Quarter Ended 31-12-2023 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total income from operations | 25232.97 | 71671.39 | 23275.76 | 26929.97 | 75738.42 | 24505.12 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, exceptional and / or extraordinary items) | (291.52) | (662.23) | (318.3) | (180.27) | (274.81) | (220.38) |
| 3 | Net Profit / (Loss) for the period after tax, (after exceptional and / or extraordinary items | (220.27) | (715.34) | (287.17) | (113.87) | (338.86) | (192.6) |
| 4 | Total Comprehensive income for the period[comprising profit /(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | (236.73) | (775.6) | (293.68) | (130.41) | (399.69) | (199.59) |
| 5 | Equity Share Capital | 316.00 | 316.00 | 316.00 | 316.00 | 316.00 | 316.00 |
| 6 | Earning per share (for continuing and discountinued operation) Basic | (3.49) | (11.32) | (4.54) | (1.86) | (5.5) | (3.09) |
| | Diluted | (3.49) | (11.32) | (4.54) | (1.86) | (5.5) | (3.09) |

Note :
1. These unaudited financial results have been prepared in accordance with the Indian Accounting Standard (referred to as "Ind AS") prescribed under section 133 of the Companies Act, 2013 read with Companies (Indian Accounting Standard) Rules as amended from time to time. These financial results were reviewed by the audit committee and thereafter have been approved by the board of directors at its meeting held on Friday, February 07, 2025.
2. The Statutory Auditors have conducted limited review on these results and issued an unmodified opinion on the same.
3. The above is an extract of the detailed format of quarter and Nine months ended Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the quarter and nine months ended Financial Results are available on the BSE Limited. and on the Company's website (www.sayajigroup.in). The same can be accessed by scanning the QR code provided below.

Place : Ahmedabad
Date : 07-02-2025

For Sayaji Industries Limited
Sd/-
Vishal Priyam Mehta
Joint CEO & Executive Director
(DIN 02690946)



**SOFTRAK** REACHING FOR PERFECTION
**SOFTRAK VENTURE INVESTMENT LIMITED** CIN NO: L99999GJ1993PLC020939
Regd. Office: 201, Moon Light Shopping Centre, Nr. Maruti Towers, Drive in Road, Memnagar, Ahmedabad- 380052.
Website: www.softrakventure.in | Email ID: softrakventure@gmail.com | Phone No: 9687002358 | Fax No: 079-6463141

**EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED DECEMBER 31, 2024** (₹. In Lacs except Per share data)

| Sr No | Particulars | Quarter Ended 31-12-2024 (Unaudited) | Quarter Ended 30-09-2024 (Audited) | Quarter Ended 31-12-2023 (Unaudited) | Year Ended 31-3-2024 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | Total income from operations | 269.81 | 19.79 | 1.76 | 309.47 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items#) | 108.84 | 15.64 | 0.11 | 288.65 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items#) | 108.84 | 15.64 | 0.11 | 288.65 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items#) | 108.84 | 11.73 | 0.08 | 216.00 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 108.84 | 11.73 | 0.08 | 216.00 |
| 6 | Equity Share Capital | 4507.79 | 4507.79 | 4507.79 | 4507.79 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year. | - | | | 26.20 |
| 8 | Earnings Per Share (of ₹ 10/- each) (for continuing and discontinued operations) - Basic: | 0.24 | 0.03 | 0.00 | 0.48 |
| | Diluted: | 0.24 | 0.03 | 0.00 | 0.48 |

Note:
a. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results on a Standalone Basis filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) i.e. www.bseindia.com and also on the company Website https://www.softrakventure.in/
b. The above results were reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors.

Date : 07.02.2025
Place : Ahmedabad

For, Softrak Venture Investment Limited
Sd/-
Raghvendra Kulkarni - Director - DIN: 06970323



# PERVASIVE COMMODITIES LIMITED

(Previously known as Starvox Electronics Limited)
(CIN L51909GJ1986PLC008539)
Reg. Office: C-806, Titanium City Center, Near Sachin Tower, 100 Ft Road, Satellite, Ahmedabad, Gujarat – 380015 • Website: www.pervasiveindia.com
Email Id: pervasivecommodities@gmail.com • Contact No: +91 83470 56404

**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31 ST DECEMBER, 2024**

Based on the recommendations of the Audit Committee the Board of Directors at their respective Meetings held on 06th February,2025. has approved the standalone unaudited financial results for the quarter ended 31 st December, 2024 along with Limited Review Report as required under Regulation 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The result is also available on the websites of the Stock Exchange(s) and the listed entity at https://www.pervasiveindia.com/financial-result.html

Scan the QR code to view the financial results on the website of the company

Place : Ahmedabad
Date : 06/02/2025

For and on behalf of
**PERVASIVE COMMODITIES LIMITED**
Sd/- **Fagun Soni,**
**Managing Director (DIN:10610730)**